| | |
|---|---|
| રજુ તારીખ | ૨૪/૦૩/૨૦૨૫ |
| દાખલ તારીખ | ૨૪/૦૩/૨૦૨૫ |
| ફેંસલ તારીખ | **૧૯/૦૫/૨૦૨૬** |
| સમયગાળો | |
| વર્ષ –૧ માસ –૧ દિવસ–૨૪ | |

**આંક :– ૫૪**

**FORM-A**

| | |
|---|---|
| **ખેડા જીલ્લાના મે. બીજા એડીશ્નલ સેશન્સ જજશ્રીની કોર્ટ સમક્ષ, મુકામ : નડીઆદ. (પી. પી. પુરહિત, સેશન્સ જજ)** | |
| **ચુકાદાની તારીખ : ૧૯/૦૫/૨૦૨૬** ગુનો : મહેમદાવાદ પો.સ્ટે. ફ.ગુના રજી. નં.૧૯/૨૦૦૨, ના કામે ઇ.પી.કોડની કલમ ૩૬૩, ૩૬૬, ૩૭૬ મુજબ. | |
| **ફરીયાદી** | **સરકાર શ્રી,** [redacted] |
| **ફરીયાદી તરફે** | **વિ.એ.પી.પી.શ્રી એન. એસ. રોહીત** |
| **વિરૂધ્ધ** | |
| **આરોપી** | **અશોકકુમાર બલસિંહ બારીયા,** ઉ.વ. ૪૨, રહે. કદવાલ, ચાકરીયા ફળીયુ, તા. જેતપુર પાવી,જી. છોટાઉદેપુર. |
| **આરોપી તરફે** | **વિ.વ.શ્રી સી. સી. દરજી** |

**FORM-B**

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૨૦/૦૧/૨૦૦૨ |
| એફ.આઇ.આર.ની તારીખ | ૨૫/૦૧/૨૦૦૨ |
| ચાર્જશીટ રજુ થયા તારીખ | ૨૭/૦૨/૨૦૨૫ |
| તહોમતનામુ ફરમાવ્યા તારીખ | ૨૧/૦૭/૨૦૨૫ |
| પુરાવાની શરૂઆત તારીખ | ૧૮/૦૮/૨૦૨૫ |
| તારીખ કે જેના પર ચુકાદો અનામત છે | ૧૯/૦૫/૨૦૨૫ |
| ચુકાદાની તારીખ | ૧૯/૦૫/૨૦૨૫ |
| સજાના હુકમની તારીખ, જો કોઇ હોય તો | |
| **આરોપીની માહિતી** | |
| આરોપીની રેન્ક | **૧** |
| આરોપીનું નામ | **અશોકકુમાર બલસિંહ બારીયા** |
| ધરપકડની તારીખ | **૧૭/૦૩/૨૦૨૬** |
| જામીન પર છુટવાની તારીખ | **યુ.ટી.પી.** |
| ચાર્જફ્રેમ કર્યા મુજબની કલમ | ઇ.પી.કોડની કલમ ૩૬૩, ૩૬૬, ૩૭૬ |
| નિર્દોષ કે દોષિત | **નિર્દોષ** |
| સજા લાદવામાં આવી | **–** |
| કલમ 428,Cr.P.C. ના હેતુ માટે ટ્રાયલ દરમ્યાન અટકાયનો સમયગાળો | |

**FORM-C**

**પ્રોસીકયુશન / ડીફેન્સ / કોર્ટના સાક્ષીઓની યાદી**

| રેન્ક | નામ | પુરાવાની વિગત | આંક |
|---|---|---|---|
| PW-1 | [redacted] | ફરીયાદી/ ભોગ બનનારના પિતા | ૧૦ |
| PW-2 | શનાભાઇ રતનભાઇ બારીયા | ગુનાવાળી જગ્યાના પંચનામાના પંચ સાહેદ | ૧૩ |
| PW-3 | [redacted] | ગુનાવાળી જગ્યાના પંચનામાના પંચ સાહેદ | ૧૫ |
| PW-4 | [redacted] | ફરીયાદપક્ષના સાહેદ | ૧૬ |

| | | | |
|---|---|---|---|
| PW-5 | [redacted] | ફરીયાદપક્ષના સાહેદ | ૧૭ |
| PW-6 | [redacted] | ફરીયાદપક્ષના સાહેદ | ૧૮ |
| PW-7 | [redacted] | ફરીયાદપક્ષના સાહેદ | ૧૯ |
| PW-8 | ભોગ બનનાર | ભોગ બનનાર | ૨૦ |
| PW-9 | [redacted] | ભોગ બનનારની બહેન | ૨૧ |
| PW-10 | ડો. નૈષધ ભાનુધર ભટ્ટ | મેડીકલ ઓફિસર, મહેમદાવાદ નગરપાલીકા. | ૨૪ |
| PW-11 | ડો. હર્ષ રસિકભાઈ પંચાલ | મેડીકલ ઓફિસર, સી.એચ.સી. મહેમદાવાદ | ૨૬ |
| PW-12 | ચંદ્રકાન્ત છગનભાઈ રાવલ | ત.ક.અમલદાર, સી.પી.આઇ. મહેમદાવાદ | ૩૧ |
| PW-13 | જીતેન્દ્રસિંહ બચુભા ગોહીલ | ત.ક.અમલદાર, સીનીયર પો.સ.ઇ. મહેમદાવાદ પો.સ્ટે. | ૩૯ |
| PW-14 | કાળુભાઈ મખાભાઈ ગોલેતર | અ.હે.કો. કદવાલ પો.સ્ટે. | ૪૩ |
| PW-15 | રાધાબેન મનુભાઈ પરમાર | ત.ક.અમલદાર, પો.ઈન્સ., મહેમદાવાદ પો.સ્ટે. | ૪૮ |
| PW-16 | રાજેન્દ્રસિંહ ઈન્દ્રસિંહ સોલંકી | ત.ક.અમલદાર, પો.ઈન્સ. મહેમદાવાદ પો.સ્ટે. | ૫૦ |

| રેન્ક | નામ | પુરાવાની વિગત | આંક |
|---|---|---|---|
| PW-1 | – | – | – |

| રેન્ક | નામ | પુરાવાની વિગત | આંક |
|---|---|---|---|
| PW-1 | – | – | – |

Dt.19/05/2026

| અનુ. નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદ | ૧૧ |
| ૨ | ભોગ બનનારનો જન્મનું પ્રમાણપત્ર | ૧૨ |
| ૩ | ગુનાવાળી જગ્યાનું પંચનામું | ૧૪ |
| ૪ | ભોગ બનનારનું મેડીકલ સર્ટીફીકેટ–મહેમદાવાદ | ૨૫ |
| ૫ | આરોપીની મેડીકલ તપાસણી માટેની પોલીસ યાદી | ૨૭ |
| ૬ | આરોપીનું મેડીકલ સર્ટીફીકેટ–સી.એચ.સી. મહેમદાવાદ | ૨૮ |
| ૭ | આરોપીના મેડીકલ કેસ પેપર્સ | ૨૯ |
| ૮ | ભોગ બનનારના શરીર સ્થિતિ તથા કપડા કબજે કર્યાનું પંચનામું | ૩૨ |
| ૯ | ભોગ બનનારના મેડીકલ તપાસના નમુના કબજે કર્યાનું પંચનામું | ૩૩ |
| ૧૦ | એફ.એસ.એલ.યાદી | ૩૪ |
| ૧૧ | એફ.એસ.એલ. રવાનગી નોંધ | ૩૫ |
| ૧૨ | એફ.એસ.એલ. પહોંચ | ૩૬ |
| ૧૩ | એફ.એસ.એલ. પહોંચ | ૩૭ |
| ૧૪ | એફ.એસ.એલ. અહેવાલ | ૩૮ |
| ૧૫ | આરોપીની શરીર સ્થિતિનું પંચનામું | ૪૪ |
| ૧૬ | એફ.એસ.એલ. પત્ર | ૫૧ |
| ૧૭ | એફ.એસ.એલ. અહેવાલ | ૫૨ |

| અનુ.નં. | વિગત | આંક |
|---|---|---|
| – | – | – |

| અનુ.નં. | વિગત | આંક |
|---|---|---|
| – | – | – |

| અનુક્રમ નંબર | મટેરીયલ ઓબ્જેક્ટસ નંબર | વિગત |
|---|---|---|
| 1. MO 1 | નથી | નથી |

**(૧)** આ કામના આરોપી સામે ફરિયાદીની ફરિયાદ આધારે મહેમદાવાદ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નં.૧૯/૨૦૦૨ ના કામે ઇ.પી.કોડની કલમ ૩૬૩, ૩૬૬, ૩૭૬ મુજબના ગુનાઓ આક્ષેપિત છે.

**(૨)** આ કામમાં ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, ફરિયાદી [redacted] મુકામે તેઓના કુટુંબ સાથે રહે છે ભોગ બનનાર તેઓની દિકરી છે અને તેની જન્મ તા. [redacted] છે. તા. ૨૦/૦૧/૨૦૦૨ ના રોજ તેઓ બધા ઘરે હતા અને સાંજના આઠેક વાગ્યે ભોગ બનનાર ઘરે જોવા મળેલ નહીં અને તેણી તેના બેહનપણીના ઘરે વાંચવા ગઇ હશે તેવુ માનેલ પરંતુ રાતના ઘરે નહીં આવતા તેણી ત્યાં સુઇ ગયેલ હશે તેવુ માનેલ પરંતુ તા. ૨૧/૦૧/૨૦૦૨ ના રોજ ભોગ બનનાર ઘરે નહીં આવતા તેની સગા સંબંધીઓમાં તપાસ કરેલી પરંતુ તેણીનો કોઇ જગ્યાએથી પત્તો મળેલો નહીં. જેથી તેઓએ તા. ૨૨/૦૧/૨૦૦૨ ના રોજ મહેમદાવાદ પો.સ્ટે.

ભોગ બનનાર દિકરી ગુમ થયા અંગેની જાહેરાત આપેલી અને તેઓને વાતોવાતથી જાણવા મળેલ કે તેઓના લાટમાં રહેતા પ્રવિણભાઇ સોમાભાઇ પટેલના ઘરે દોઢેક માસથી ખેતી કામ મજુરી માટે આદિવાસી મજુર રહેતા હતા જે ગયા અઠવાડીયાથી છુટા થયેલ અને તે છોકરો રવિવારથી જોવા મળતો નથી અને તે ભોગ બનનાર દિકરીને ભગાડી લઇ ગયો હોય તેવો વહેમ જતા તેનું નામ સરનામું મેળવતા તેનું નામ અશોકભાઇ બલસિંહ બારીયા [redacted] હોવાનું જાણવા મળેલ. જેથી તપાસ થતા કદવાળ આઉટ પો.સ્ટે.થી નરસિંહભાઇ પટેલના ઘરે ટેલીફોન કરી જણાવેલ કે, ભોગ બનનાર મળી આવેલ છે અને અશોક મળેલ નથી. ભોગ બનનારને આવી લઇ જાવ તેવુ જણાવતા ભોગ બનનારને ઘરે લઇ આવેલા અને તેઓની પત્નીએ ભોગ બનનારને બનાવ સંબંધે પુછપરછ કરેલ અને ફરીયાદીની પત્નીએ જણાવેલ કે, આરોપી અશોકભાઇ બારીયા તેઓની દિકરીને તા. ૨૦/૦૧/૨૦૦૨ ના રોજ રાતના આઠેક વાગ્યે લલચાવી, ફોસલાવી અપહરણ કરી લઇ ગયેલ અને કનીજથી રેલવેમાં બેસાડી વડોદરા તથા ત્યાંથી તેની બહેનના ગામે તેમજ પોતાના ગામ સાકરીયા મુકામે તેના ઘરે લઇ જઇ ભોગ બનનારની મરજી વિરૂધ્ધ શારીરીક સંભોગ કરેલ, જેથી તેના વિરૂધ્ધ કાયદેસર તપાસ થવા ફરીયાદીએ ફરિયાદ આપેલ છે.

(૩) ઉપર મુજબની ફરીયાદ ફરીયાદીએ મહેમદાવાદ પો.સ્ટે.માં નોંધવાતા પોલીસને તપાસના અંતે આરોપી સામે ઇ.પી.કો.કલમ ૩૬૩, ૩૬૬, ૩૭૬ મુજબનો ગુન્હો કર્યાનું જણાતા તપાસના અંતે આરોપી સામે ઉપરોકત મુજબના ગુન્હાનું ચાર્જશીટ મહેમદાવાદના પ્રિન્સી. જયુડી. મેજી. ફ.ક. સાહેબની કોર્ટમાં દાખલ કરતા તેને ફોજદારી કેસ નં. ૨૭૧/૨૦૨૫ આપવામાં આવેલ. આરોપી સામેનો આક્ષેપિત ગુન્હો સેશન્સ ટ્રાયબલ હોય અને તેને ચલાવવાની સત્તા માત્રસ નામ. સેશ્નસ અદાલતને હોય મહેમદાવાદના વિધ્વાન પ્રિન્સી. જયુડી. મેજી.ફ.ક. સાહેબશ્રીએ ક્રિ.પ્રો.કોડની કલમ ૨૦૯ અન્વયે સદરહું કેસ નામ. સેશન્સ કોર્ટ, નડીઆદમાં કમિટ કરવાનો હુકમ કરેલો અને તે મુજબ સદરહું કેસ નામ. સેશન્સ કોર્ટમાં કમિટ થતા તેને

સેશન્સ કેસ નં. ૩૮/૨૦૨૫ આપવામાં આવેલો અને નામ. ડીસ્ટ્રીકટ કોર્ટના ઓફિસ ઓર્ડરથી તેનો ન્યાયિક નિર્ણય અર્થે અત્રેની અદાલતમાં ટ્રાન્સફર કરવામાં આવેલો.

(૪) આરોપીને પોલીસ તપાસના કાગળોની નકલો મળી ગયાની ખાત્રી કર્યા બાદ આંક–૭ થી તેઓની સામેના ગુનાનું તહોમત ફરમાવી, આંક–૮ થી આરોપીનું નિવેદન લેતા, આરોપીએ ગુન્હાનો ઈન્કાર કરતા, ફરીયાદપક્ષે પુરાવો લેવામાં આવેલ છે.

(૫) આરોપી વિરૂદ્ધ તહોમતનામું ફરમાવ્યા બાદ ફરીયાદપક્ષે આરોપી વિરૂદ્ધ નો ગુન્હો પુરવાર કરવા માટે ઉપરોકત ફોર્મ–સી માં જણાવ્યા મુજબનો મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે.

(૬) આ સિવાય ફરીયાદપક્ષે કોઇ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી કે મૌખિક પુરાવો તપાસેલ નથી. ફરીયાદપક્ષ તરફે પોતાનો પુરાવો પુરો થયાની પુરસીસ રજુ કરેલી છે.

COURT OF SESSIONS KALOL GUJARAT INDIA સત્ય મેવ જયતે

(૭) ફરીયાદપક્ષનો પુરાવો પુરો થતાં આરોપીનો ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૧૩ મુજબનો વધારાનો જવાબ લેવામાં આવેલ છે, જેમાં આરોપીએ ફરીયાદપક્ષનો પુરાવો મુખ્યત્વે ખોટો હોવાનું જણાવી પોતાની સામે ખોટો કેસ કરેલાનું તેમજ તેઓ નિર્દોષ હોવાનું જણાવેલ છે.

(૮) સરકાર તરફે વિ. એ.પી.પી.શ્રી એન.એસ. રોહીત ની તથા બચાવપક્ષના વિ.વ.શ્રી સી. સી. દરજીનાઓની કાયદા તેમજ હકીકતોની લંબાણપૂર્વક દલીલો સાંભળી.

**(૯)** ઉપરોકત હકીકત જોતા, મારા નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

## – : મુદ્દાઓ :–

| | |
|---|---|
| (૧) | શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, બનાવ સમયે ભોગ બનનાર ધી પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેકસ્યુઅલ ઓફેન્સીસ એકટની કલમ ૨(૧)(ડી) મુજબ બાળક હતી ? |
| (૨) | શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તા. [redacted] ગામેથી ફરીયાદીની દિકરી ભોગ બનનાર ઉ.વ.૧૪ વર્ષનાનીને લલચાવી, ફોંસલાવી જારકર્મ કરવાના ઈરાદે ફરીયાદીના કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરી લઈ જઈ [redacted] ફળીયામાં રહેતા રમેશભાઈ અનસિંગભાઈ બારીયના ઘરમાં રાખી ભોગ બનનારની મરજી વિરૂધ્ધ શારીરીક સંભોગ કરી ઈ.પી.કોડની કલમ ૩૬૩, ૩૬૬, ૩૭૬ મુજબના શિક્ષાને પાત્ર ગુન્હાઓ અત્રેની અદાલતની હકુમતમાં આચરેલ છે ? |
| (૩) | શું હુકમ ? |

**(૧૦)** ઉપરોકત મુદ્દાઓના આ કોર્ટના નિર્ણયો નીચે મુજબ છે.

| | |
|---|---|
| (૧) | નકારાત્મક. |
| (૨) | આખરી હુકમ મુજબ. |

## :: કા ર ણો ::

**(૧૧)** હાલના કેસમાં આ કામના આરોપી સામે ભારતીય દંડ સંહિતાની કલમ ૩૬૩, ૩૬૬, ૩૭૬ મુજબના ગુન્હાનું તહોમતનામું ફરમાવવામાં આવેલ છે તે અન્વયે ફરીયાદપક્ષ દ્વારા તેઓનો કેસ પુરવાર કરવા માટે :–

**(૧૨) આરોપી વિરૂદ્ધ આક્ષેપિત તહોમત પુરવાર કરવા માટે ફરીયાદપક્ષે ફરીયાદી** [redacted]**ને આંક–૧૦ થી તપાસેલા છે** તેઓ તેમના સોગંદ ઉપરના પુરાવામાં મુખ્યત્વે જણાવે છે કે, ભોગબનનાર તેઓની દીકરી છે, બનાવ વીસેક વર્ષ અગાઉ બનેલો. તેઓની દીકરીને કોઈ મજૂરી કામ કરનાર ઈસમ ભગાડી ગયેલ હોય તેવું બનેલ નથી. ભોગબનનાર પરત આવ્યા બાદ તેઓને કે તેમની પત્નીને કોઈ હકીકત જણાવેલી નથી. સદર ફરિયાદીએ આંક–૧૧ થી ફરિયાદ રજૂ કરેલ છે. તેઓ આરોપીને ઓળખતા નથી. સદર ફરિયાદીની બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ભોગબનનાર મળી ન આવતા તેઓએ જાણવા જોગ આપેલી. એ વાત ખરી છે કે, ભોગબનનાર કોની સાથે અને ક્યાં ગયેલ તે તેઓ જાણતા નથી. એ વાત ખરી છે કે, ગામના લોકોએ મને જે વિગત જણાવેલી તે આધારે મે ફરિયાદ આપેલ હોવાની હકીકત જણાવેલી છે.

**(૧૩) આ કામે ફરીયાદપક્ષ તરફે ભોગ બનનારને આંક– ૧૫ થી તપાસેલા છે. સદર ભોગ બનનારે તેઓની સરતપાસમાં જણાવેલ છે કે,** તેઓના લાટમાં રહેતા પ્રવિણભાઈ સોમાભાઈ પટેલને ત્યાં ખેતીવાડી તથા મજુરીકામ કોણ કરતુ હતુ તે તેણીને હાલ યાદ નથી. તા. ૦૯/૦૧/૨૦૦૨ ના રોજ રાતના નવેક વાગ્યા જેવા સમયે તેણી તેની બહેનપણીના ઘરેથી તેના ઘરે જતી હતી ત્યારે રસ્તામાં તેણીને કોઈ મળેલ હોય તેવુ બનેલ નહીં. તા. ૨૦/૦૧/૨૦૦૨ ના રોજ રવિવાર હોવાથી તેણી તેના ઘરે હતી અને બપોરના તેણીના માતા પિતા ખેતરમાં ગયેલા ત્યારે બપોરના સમયે તેણીને કોઈએ ટેલિફોન કરેલ હોય તેવુ બનેલ નહીં. આરોપી તેણીને તેની મરજી વિરૂધ્ધ લગ્ન કરવાની લાલચ આપી, પટાવી, ફોંસલાવી, ભગાડી ગયેલ હોય તેવુ બનેલ નથી. તેણીએ બનાવ સમયે પહેરેલા કપડા પોલીસને આપેલ નહીં. સદર કપડા બતાવતા તેણી ઓળખી બતાવતી નથી. તેણીએ ડોકટર સમક્ષ કોઈ હિસ્ટ્રી લખાવેલ નહીં. પોલીસે

બનાવ બાબતે તેણીનું નિવેદન લીધેલ. તેણી આરોપી અશોકકુમાર બાલસિંહ બારૈયાને ઓળખતી નથી.

સદર ભોગ બનનારે ફરીયાદપક્ષના કેસની હકીકતોને સમર્થનકારી પુરાવો ન આપતા એ.પી.પી.શ્રીએ ભોગ બનનારને ફરી ગયેલા જાહેર કરી ઉલટતપાસ કરવાની પરવાનગી આપવા છતાં સદર સાહેદે ફરીયાદપક્ષના કેસની હકીકતોને લેશમાત્ર સમર્થનકારી પુરાવો આપેલ નથી અને સદર ભોગ બનનારની બચાવપક્ષના વિ.વ.શ્રી દ્વારા લેવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, પોલીસે ફક્ત મારૂ નામ, સરનામું પુછેલ તે સિવાય કાંઇ પુછેલ નહીં. એ વાત ખરી છે કે, મારે ઘરકામ બાબતે મારી માતા સાથે તકરાર થતા હું રીસાઇને મારી બહેનપણીના ઘરે જતી રહેલ. એ વાત ખરી છે કે, આરોપી મને કોઇ લગ્ન કરવાની લાલચ આપી, લલચાવી, ફોંસલાવીને લઇ ગયેલ નહીં. એ વાત ખરી છે કે, આરોપીએ મારી સાથે કોઇ ખરાબ કૃત્ય કરેલ નહીં હોવાની હકીકત જણાવેલી છે.

**(૧૪) આ કામે ફરીયાદપક્ષ તરફે સાહેદ [redacted] ને આંક– ૨૧ થી તપાસેલા છે તેઓ તેમના સોગંદ ઉપરના પુરાવામાં મુખ્યત્વે જણાવે છે કે,** ભોગ બનનાર તેઓની બહેન છે અને તેઓની ભોગ બનનાર બહેનને કોઇ ઇસમ લલચાવી, પટાવી, ફોંસલાવી લગ્ન કરવાની લાલચ આપી ભગાડી લઇ ગયેલ હોય તેવુ બનેલ નહીં અને તેણી આરોપીને ઓળખતી નથી. બનાવ સમયે પોલીસે તેણીનું નિવેદન લીધેલ તે સિવાય તેણીને કોઇ જાત માહિતી નથી.

સદર સાહેદે ફરીયાદપક્ષના કેસની હકીકતોને સમર્થનકારી પુરાવો ન આપતા એ.પી.પી.શ્રીએ સાહેદને ફરી ગયેલા જાહેર કરી ઉલટતપાસ કરવાની પરવાનગી આપવા છતાં સદર સાહેદે ફરીયાદપક્ષના કેસની હકીકતોને લેશમાત્ર સમર્થનકારી પુરાવો આપેલ નથી અને સદર સાહેદની બચાવપક્ષના વિ.વ.શ્રી દ્વારા લેવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે,પોલીસે મારૂ નામ, સરનામું પુછેલ તે સિવાય કાંઇ પુછેલ નહીં. એ વાત ખરી છે કે, મારી ભોગ બનનાર બેનને ઘરકામ બાબતે મારી માતા સાથે તકરાર થતા તે રીસાઇને તેની બહેનપણીના ઘરે જતી રહેલ.

એ વાત ખરી છે કે, આરોપી મારી બેનને કોઈ લગ્ન કરવાની લાલચ આપી, લલચાવી, ફોંસલાવીને લઈ ગયેલ નહીં કે તેની બહેન સાથે કોઈ ખરાબ કૃત્ય કરેલ નહીં.

**(૧૫) આ કામે ફરીયાદપક્ષ તરફે સાહેદ નં.૪ [redacted] આંક–૧૬ થી, સાહેદ નં.૫ [redacted] ને આંક–૧૭ થી, સાહેદ નં.૬ [redacted] ને આંક–૧૮ થી, સાહેદ નં.૭ [redacted] ને આંક–૧૯ થી તપાસેલા છે** તેઓ તેમના સોગંદ ઉપરના પુરાવામાં મુખ્યત્વે જણાવે છે કે, બનાવના અરસામાં અશોકભાઈ એક છોકરીને લઈને આવેલા અને તેઓએ જણાવેલ કે તેઓ કનીજ ગામે મજૂરી કામ કરતા હતા અને તે ગામની છે અને તે મારી સાથે આવતા તેને લઈ આવ્યો છુ. જેથી તેઓએ ભોગબનનારનું નામઠામ પુછેલુ અને અશોકભાઈને જણાવેલ કે, જ્યાંથી લાવેલ હોય ત્યાં મુકી આવ. જેથી આ અશોકભાઈ ભોગબનનારને લઈ જતા રહેલા હોવાની હકીકત જણાવેલી છે. સદર સાહેદોની બચાવપક્ષના વિ.વ.શ્રી દ્વારા લેવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, અમારા ઘરની આજુબાજુમાં બીજા મકાનો આવેલા છે. એ વાત ખરી છે કે, કોઈ છોકરી આવેલ હોય અને તેણે ફરિયાદ કરેલ હોય તેવું બનેલ નહી. એ વાત ખરી છે કે, પાછળથી મેં ભોગબનનાર છોકરીનું નામ જાણેલુ તેવી હકીકત જણાવેલી છે.

**(૧૬) આ કામે ફરીયાદપક્ષ તરફે ભોગ બનનારની મેડીકલ તપાસણી કરનાર ડો. નૈષધ ભાનુધર ભટ્ટને આંક–૨૪ થી તપાસેલા છે તેઓ તેમના સોગંદ ઉપરના પુરાવામાં મુખ્યત્વે જણાવે છે કે,** તા. ૨૫/૦૧/૨૦૦૨ ના રોજ નગરપાલિકા મહેમદાવાદ ખાતે મેડીકલ ઓફિસર તરીકે તેઓની ફરજ ઉપર હાજર હતા તે દરમ્યાન આ કામના ભોગ બનનારને પોલીસ યાદી સાથે લાવેલા. ભોગ બનનારને તપાસતા તેઓના જણાવ્યા મુજબની હિસ્ટ્રી લખી લીધેલ અને ભોગ બનનારના ગુપ્ત ભાગે કોઈ ઈજા જણાયેલ નહીં. ભોગ બનનારના શરીર પરથી જરૂરી નમુના લઈ એફ.એસ.એલ.માં મોકલવા

હાજર પોલીસને સોંપેલ. ભોગ બનનારની ઉંમર નિર્ધારણ અભિપ્રાય માટે નડીઆદ સિવિલ હોસ્પીટલમાં રીફર કરેલા. સદર ડોકટર સાહેદે આંક–૨૫ થી ભોગ બનનારનું મેડીકલ સર્ટીફીકેટ રજુ કરેલ છે.

સદર ડોકટર સાહેદની બચાવપક્ષના વિ.વ.શ્રી દ્વારા લેવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ભોગ બનનારે હિસ્ટ્રીમાં કોઇ ચોકકસ સ્થળ જણાવેલ નહીં. એ વાત ખરી છે કે, ભોગ બનનારની તપાસણી બાદ તેણીને ઉંમર નિર્ધારણ માટે રીફર કર્યા સિવાય બીજો કોઇ અભિપ્રાય આપેલ નહીં.

**(૧૭) આ કામે ફરીયાદપક્ષ તરફે આરોપીની મેડીકલ તપાસણી કરનાર ડો. હર્ષ રસિકભાઇ પંચાલને આંક–૨૬ થી તપાસેલા છે તેઓ તેમના સોગંદ ઉપરના પુરાવામાં મુખ્યત્વે જણાવે છે કે,** તા. ૨૭/૦૧/૨૦૨૫ ના રોજ સી.એચ.સી. મહેમદાવાદ ખાતે મેડીકલ ઓફિસર તરીકે તેઓની ફરજ ઉપર હાજર હતા તે દરમ્યાન આ કામના આરોપીને પોલીસની લેખિત યાદી સાથે લાવેલા છે આંક–૨૭ થી રજુ કરેલ છે. આરોપીને તપાસેલા અને તેઓના લખાવ્યા મુજબની હિસ્ટ્રી કેસ પેપર્સમાં નોંધી લીધેલ. આરોપીની તપાસણી કરતા આરોપીના શરીર પર કોઇ બાહય ભાગે ઈજા ન હતી કે ગુપ્ત ભાગે કે શરીરના અન્ય કોઇ બહારના ભાગે કોઈ ડાઘા જણાયેલ નહીં. આરોપીના શરીર પરથી જરૂરી નમુના લઈ એફ.એસ.એલ. તપાસણી સારૂ હાજર પોલીસને સોંપેલ. સદર ડોકટર સાહેદે આરોપીનું મેડીકલ સર્ટીફીકેટ આંક–૨૮ થી, આંક–૨૯ થી મેડીકલ કેસ પેપર્સ રજુ કરેલ છે.

સદર ડોકટર સાહેદની બચાવપક્ષના વિ.વ.શ્રી દ્વારા લેવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આરોપી સંભોગ કરવા સક્ષમ છે કે કેમ તે અંગેનો કોઇ ટેસ્ટ મેં કરેલ નથી. એ વાત ખરી છે કે, આરોપીના કેસ પેપર્સમાં નામ લખીને ચેકવામાં આવેલ છે.

---

**(૧૮) આ કામે ફરીયાદપક્ષ તરફે ત.ક.અમલદાર ચંદ્રકાન્ત છગનલાલ રાવલને આંક–૩૧ થી તપાસેલા છે** તેઓ તેમના સોગંદ ઉપરના પુરાવામાં મુખ્યત્વે જણાવે છે

કે, સને ૨૦૦૨ ની સાલમાં સી.પી.આઇ., મહેમદાવાદ તરીકે ફરજ પર હતો તે વખતે મહેમદાવાદ પોલીસ સ્ટેશનનુ કાર્યક્ષેત્ર હેઠળ મારા સર્કલ હેઠળ આવતુ હતુ. મહેમદાવાદ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુના રજીસ્ટર નંબર.૧૯/૨૦૦૨ મુજબનો ગુનો ઇન્ડીયન પીનલ કોડની કલમ-૩૬૩, ૩૬૬, ૩૭૬ મુજબ ફરીયાદી ગોવીંદભાઇ પટેલની ફરીયાદ પરથી તે વખતના મહેમદાવાદ પોલીસ સ્ટેશનના સીનીયર પોલીસ સબ ઇન્સ્પેકટર, જે.બી. ગોહીલે ફરીયાદ લઇ ગુનો દાખલ કરાવી આગળની તપાસ અર્થે તેઓ તરફ મોકલતા તા.૨૫/૦૧/૨૦૦૨ ના રોજ આ ગુનાની તપાસ સંભાળેલી. આ કામે ભોગ બનનાર મળી આવેલ હોય અને હાજર હોય જેથી ભોગ બનનારની વિગતે પુછપરછ કરી તેણીનુ તેઓ રૂબરૂ તેણીના લખાવ્યા મુજબ નિવેદન લીધેલ. નિવેદનમાં ભોગ બનનારે પોતાની ઉપર આરોપી અશોક બારીયાએ બળજબરીથી બળાત્કાર સંભોગ કરેલાની હકીકત જણાવાત તેનુ વિગતવારનુ નિવેદન લખી લીધેલ અને ભોગ બનનાર ઉપર આરોપીએ બળાત્કાર કરેલ હોય ભોગ બનનારે બનાવ વખતે પહેરેલ આછા લીલા કલરની સુરવાળ રજુ કરતા પંચો રૂબરૂ વિગતે પંચનામુ કરી પંચનામાની વિગતે કપડા કબજે લીધેલ અને તપાસ દરમ્યાન ભોગ બનનાર દિકરીની મેડીકલ સારવાર કરાવવા માટે તથા જરૂરી નમુનાઓ મેળવવા માટે વિગતે યાદી તૈયાર કરી વુ.પો.કો. સાથે ભોગ બનનારને મેડીકલ તપાસણી માટે નગરપાલીકા હોસ્પીટલ મહેમદાવાદ તરફ મોકલી આપેલ અને ત્યાં ભોગ બનનારની મેડીકલ ઓફીસરે સારવાર કરી તેણીના જરૂરી નમુનાઓ સીલબંધ હાલતમાં તેઓ તરફ મોકલતા તે નમુનાઓનુ વિગતે પંચનામુ કરી તપાસ અર્થે કબજે કરેલ તથા ભોગ બનનારની ઉંમર નકકી કરાવવા માટે ખેડા સિવિલ હોસ્પીટલ તરફ યાદી સાથે મોકલી આપેલ અને સારવાર કરાવડાવેલ તેમજ આ ગુનાના ભોગ બનનારની માતાનુ આ ગુના સંબંધે પુછપરછ કરી તેણીના લખાવ્યા મુજબનુ નિવેદન નોંધેલ અને તપાસના કામે સામેલ રાખેલ. તપાસ દરમ્યાન સંબંધીત સાહેદોના નિવેદનો લીધેલા અને આ ગુનાની તપાસ દરમ્યાન ભોગ બનનાર ગુમ થયા અંગેની અગાઉ મહેમદાવાદ પોલીસ સ્ટેશનમાં જાણવાજોગ નં. ૦૯/૨૦૦૨ થી દાખલ થયેલ તેના તપાસના કાગળો મેળવી આ તપાસમાં સામેલ રાખેલ. આરોપીની તપાસ કરવા કદવાલ આઉટપોસ્ટ પાવી જેતપુર પોલીસ સ્ટેશન આરોપી મળી આવેલથી જાણ કરવા યાદી આપેલ. આ તપાસ દરમ્યાન

આરોપી ભોગ બનનારને નાદપુરા ગામે લઈ જઈ રાત્રી રોકાયેલા તેની કૌટુંબીક બેનના ઘરે રોકાયેલા અને રાત્રી દરમ્યાન આરોપી અશોકે ભોગ બનનારની સંમતી વિના [redacted] જણાયેલ હોય, જેથી ભોગ બનનારે જે બનાવવાળી જગ્યા બતાવેલ તે જગ્યાનુ પંચો રૂબરૂ વિગતવારનુ પંચનામુ કરેલ તપાસના કામે સામેલ રાખેલા, તપાસ દરમ્યાન આ કામે ભોગ બનનારના મેડીકલ ઓફીસરે લીધેલ નમુના તથા કબજે લેવાયેલ સુરવાળ વિગરેની એફ.એસ.એલ.માં તપાસ થવા માટે વિગતે રવાનગી નોંધ તૈયાર કરી મુદ્દામ પોલીસ મારફતે આ મુદ્દામાલ તપાસણી અર્થે અને સર્ટીફીકેટ આપવા માટે એફ.એસ.એલ. અમદાવાદ ખાતે મોકલી આપેલ અને આ તપાસ દરમ્યાન તેઓની બદલી સી.પી.આઇ. મહેમદાવાદથી નર્મદા જીલ્લા ખાતે થતા તા.૧૯/૦૫/૨૦૦૨ ના રોજ હું બદલીથી છુટો થતા ઉપરી અધિકારીના હુકમ મુજબ આ ગુનાની આગળની તપાસ મેં પોલીસ ઇન્સ્પેકટર એ.એચ.જાડેજા સાહેબને સોંપેલ. સદર ત.ક.અમલદારે એફ.એસ.એલ. યાદી આંક–૩૪ થી તથા આંક–૩૫ રવાનગી નોંધ, આંક–૩૬ થી આંક–૩૮ સુધી એફ.એસ.એલ. પહોંચ રજૂ કરેલ છે. સદર ત.ક.અ.ની બચાવપક્ષના વિ.વ.શ્રી દ્વારા લેવામાં આવેલ ઉલટતપાસમાં પુછવામાં આવેલ સુચક પ્રશ્નોનો તેઓએ ઇન્કાર સ્વરૂપમાં જવાબ આપેલ છે.

**(૧૯)** ફરિયાદપક્ષે ગુનાવાળી જગ્યાના પંચનામાના પંચ સાહેદ શનાભાઇ રત્નાભાઇ બારીયાને આંક–૧૩ થી તેમજ આ જ પંચનામાના બીજા પંચ સાહેદ કાન્તીભાઇ હિંમતભાઇ બારીયાને તપાસેલા છે. સદર પંચસાહેદોએ તૈયાર લખેલા કાગળમાં સહી કરેલ હોવાની હકીકત જણાવી આંક–૧૪ થી પંચનામુ રજૂ કરેલ છે. સદર પંચસાહેદોએ પંચનામાની હકીકતોને સમર્થન કરતો પુરાવો ન આપતા વિ.એ.પી.પી.શ્રીએ તેઓને હોસ્ટાઇલ જાહેર કરેલા છે અને ત્યારબાદ તેઓ દ્વારા લેવામાં આવેલ ઉલટતપાસમાં પણ પંચનામાની હકીકતોને લેશમાત્ર સમર્થનકારી પુરાવો આપેલ નથી. આમ, સદર પંચસાહેદોએ પંચનામાની

હકીકતોને સમર્થન આપેલ ન હોય તેઓના પુરાવાથી આંક–૧૪ નું પંચનામુ પુરવાર થયેલ નથી.

**(૨૦) આ કામે ફરીયાદપક્ષ તરફે ત.ક.અમલદાર જીતેન્દ્રસિંહ બચુભા ગોહીલને આંક–૩૯ થી તપાસેલા છે** તેઓ તેમના સોગંદ ઉપરના પુરાવામાં મુખ્યત્વે જણાવે છે કે, તેઓ મહેમદાવાદ પો.સ્ટે.માં સિ.પો.સ.ઈ. તરીકે ફરજ પર હતા ત્યારે આ કામના ફરિયાદીએ તેઓની ફરિયાદ આપતા મહેમદાવાદ પોલીસ સ્ટેશન ફસ્ટ ગુના રજીસ્ટર નંબર.૧૯/૨૦૦૨, ઈન્ડીયન પીનલ કોડની કલમ– ૩૬૩, ૩૬૬, ૩૭૬ મુજબનો ગુનો દાખલ કરી આગળની તપાસ સી.પી.આઇ., સી.સી. રાવલ સાહેબ નાઓ તરફ વધુ તપાસ અર્થે મોકલી આપેલ. વ**ધુમાં ફરિયાદપક્ષે આંક–૪૩ થી અ.હે.કો. કાળુભાઈ મખાભાઈ ગોલેતરને** તપાસેલા છે તેઓએ સદર ગુનાના કામે અટક કરેલ આરોપીનું પંચનામું કરેલ હોવાની હકીકત જણાવેલી છે. **વધુમાં ફરિયાદપક્ષે આંક–૪૮ થી રાધાબેન મુનભાઈ પરમાર (ત.ક.અ.)** પો.સ.ઈ. મહેમદાવાદ પો.સ્ટે.ને તપાસેલા છે તેઓને સદર ગુનાની તપાસ મળતા આ કામના નાસતા ફરતા આરોપી અશોકકુમાર બાલસિંહ બારીયા નાઓને ગઢવાલ પો.સ્ટે. ખાતે જઈ તેઓનો કબજો સંભાળેલ અને આરોપીનું નિવેદન લઈ આગળની તપાસ પોલીસ ઈન્સ્પેકટર આર.આઈ.સોલંકીને સુપ્રત કરેલ હોવાની હકીકત જણાવેલી છે. **વધુમાં ફરિયાદપક્ષે આંક–૫૦ થી રાજેન્દ્રસિંહ ઈન્દ્રસિંહ સોલંકી (ત.ક.અ.) ને તપાસેલા છે** તેઓએ તેમના પુરાવામાં જણાવેલ છે કે, તેઓ તેમની ફરજ ઉપર હાજર હતા ત્યારે સદર ગુનાની તપાસ મળતા તપાસ સંભાળેલી અને નાસતા ફરતા આરોપી પકડાયેલાનો મેસેજ પાસ થયેલ હોય જેથી આરોપીનો કબજો લેવા સારૂ [redacted] મોકલી આપેલ. ત્યારબાદ આરોપીને સદર ગુનાના કામે અટક કરી આરોપીની મેડીકલ તપાસણી કરાવી, આરોપીના જરૂરી નમુના કરાવી એફ.એસ.એલ. તપાસણી કરવા સારૂ રવાના કરેલ. સદર ત.ક.અ. આંક–૫૧ થી એફ.એસ.એલ. પત્ર અને આંક–૫૨ થી એફ.એસ.એલ. અહેવાલ રજૂ કરેલ છે. સદર ત.ક.અ.ની બચાવપક્ષના વિ.વ.શ્રી દ્વારા લેવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આરોપીની ધરપકડ થયેલ તે ગઢવાલ પોલીસ સ્ટેશન ખાતે થયેલ. એ વાત ખરી છે કે, આરોપીની ધરપકડ પહેલા

તેની ઓળખ પરેડ કરેલ કે કેમ તેની માહિતી મને નથી. એ વાત ખરી છે કે, આરોપીને અમારી સમક્ષ લવ્યા બાદ અમે કોઇ ઓળખ પરેડ કરાવેલ નથી. એ વાત ખરી છે કે, આરોપીની ધરપકડ આશરે ૨૩ વર્ષ બાદ થયેલ હોવાની હકીકત જણાવેલી છે.

---

**(૨૧)** ***આમ, ફરીયાદપક્ષના સંપૂર્ણ પુરાવાઓનું વિશ્લેષણ કરીએ તો :–*** ફરીયાદપક્ષે આંક–૨૦ થી ભોગ બનનારને તપાસેલા છે તેઓએ તેમના પુરાવામાં ઉપરોકત ચર્ચા કર્યા મુજબનો પુરાવો આપેલ છે અને તેઓએ ફરીયાદપક્ષના કેસની હકીકતોને સમર્થનકારી પુરાવો ન આપતા એ.પી.પી.શ્રીએ હોસ્ટાઇલ જાહેર કરેલા છે અને ત્યારબાદ એ.પી.પી.શ્રી ધ્વારા લેવામાં આવેલ ઉલટતપાસમાં પણ ફરીયાદપક્ષના કેસની હકીકતોને લેશમાત્ર સમર્થનકારી પુરાવો આપેલ નથી અને ભોગ બનનારની બચાવપક્ષના વિધ્વાન વકીલશ્રી ધ્વારા લેવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, પોલીસે ફકત મારૂ નામ, સરનામું પુછેલ તે સિવાય કાંઇ પુછેલ નહીં. એ વાત ખરી છે કે, મારે ઘરકામ બાબતે મારી માતા સાથે તકરાર થતા હું રીસાઇને મારી બહેનપણીના ઘરે જતી રહેલ. એ વાત ખરી છે કે, આરોપી મને કોઇ લગ્ન કરવાની લાલચ આપી, લલચાવી, ફોંસલાવીને લઇ ગયેલ નહીં. એ વાત ખરી છે કે, આરોપીએ મારી સાથે કોઇ ખરાબ કૃત્ય કરેલ નહીં હોવાની હકીકત જણાવેલી છે. આમ, ભોગ બનનારના સમગ્ર પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો ભોગ બનનારે આરોપી વિરૂધ્ધ લેશમાત્ર પુરાવો આપેલ નથી અને આ કામના આરોપીએ ફરીયાદીની દીકરીને તેઓના કાયદેસરના વાલીપણામાંથી ભગાડી લઇ જઇ તેણીની મરજી વિરૂધ્ધ બળાત્કાર સંભોગ કરેલ હોય તેવુ બનેલ નથી. ઉલટાનું ભોગ બનનારને તેની માતા સાથે ઘરકામ બાબતે તકરાર થતા રિસાઇને તેની બહેનપણીના ઘરે જતી રહેલ હોવાની હકીકત જણાવેલી છે. આમ, સદર ભોગ બનનાર સાહેદ કે જેઓ સદર ફરીયાદપક્ષના કેસના ખુબ જ મહત્વના સાહેદ છે તેમના પુરાવા ઉપરથી આરોપીની સંડોવણી દર્શાવતો સ્પષ્ટ અને સચોટ પુરાવો મળી આવતો ન હોય અને ફરીયાદપક્ષના કેસની હકીકતોનો ઈન્કાર કરતી હોય અને આ કામના આરોપી વિરૂધ્ધ લેશમાત્ર પુરાવો આપતા ન હોય ત્યારે સદર ભોગ બનનારના પુરાવાના આધારે આરોપીને તકસીરવાન ઠરાવી શકાય

નહીં. વધુમાં, સદર કામે આંક–૧૦ થી ફરીયાદી / ભોગ બનનારના પિત[redacted]ને તેમજ આંક–૨૧ થી ભોગ બનનારની બહેનને તેમજ આંક–૨૦ થી ભોગ બનનારની માતાને તપાસેલા છે. સદરહું સાહેદોએ ફરીયાદપક્ષના કેસની હકીકતોને લેશમાત્ર સમર્થનકારી પુરાવો આપેલ નથી. વધુમાં, ફરીયાદપક્ષ તરફે [redacted] અને તેઓએ તેમના પુરાવામાં આરોપી અશોકભાઇ તેઓના ઘરે એક છોકરીને લઇને આવેલાની હકીકત જણાવેલી છે પરંતુ સદર કામે તપાસેલા ખુદ ભોગ બનનાર ફરીયાદપક્ષના કેસની હકીકતોનો ઈન્કાર કરતા હોય અને આવો કોઈ બનાવ બનેલ નહીં હોવાની હકીકત જણાવતા હોય ત્યારે સદર સાહેદોના પુરાવાના આધારે આરોપીને દોષિત ઠરાવી શકાય નહીં. વધુમાં, ફરિયાદપક્ષે ભોગબનનારની મેડીકલ તપાસણી કરનાર ડોકટરશ્રીને આંક–૨૪ થી તપાસેલા છે તેઓએ તેમના પુરાવામાં ભોગબનનારને તપાસેલા છે અને તેઓના લખાવ્યા મુજબની હિસ્ટ્રી નોંધલ હોવાનું જણાવેલ છે પરંતુ સદર કામે તપાસેલા ભોગ બનનાર તેઓની સરતપાસમાં ડોકટર સમક્ષ કોઈ હિસ્ટ્રી લખાવેલ નહી હોવાની હકીકત જણાવતા હોય ત્યારે ડોકટર રૂબરૂની હિસ્ટ્રી તે કથોકથિત પુરાવો કહી શકાય અને તેના ઉપર આધાર રાખી આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી. સદર કામે તપાસ કરનાર અમલદારોનો સોગંદ ઉપરનો પુરાવો ધ્યાને લેતા સદર કામે ગુન્હો દાખલ કરી ત્યારબાદ તપાસ અંગેનો ચિતાર આપે છે પરંતુ આ કામે જયારે ખુદ ભોગ બનનારપોતાનો કોર્ટ રૂબરૂના પુરાાવમાં ફરીયાદપક્ષના કેસની હકીકતોનો ઈન્કાર કરતી હોય ત્યારે સદર ત.ક.અમલદારના પુરાાવના આધારે આ કામના આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહીં.આમ, ફરીયાદપક્ષ આરોપી વિરૂધ્ધનો આક્ષેપ ઉપર કરેલ વિગતે ચર્ચા મુજબક મૌખિક તથા દસ્તાવેજી પુરાવાનું મુલ્યાંકન કરતા આરોપીની ગુનાના કામ સબબ સંડોવણી પ્રસ્થાપિત થતી નથી અને ઉપરોકત ચર્ચા કર્યા અનુસાર ફરીયાદપક્ષ આરોપી વિરૂધ્ધના આક્ષેપોની મૂળભુત હકીકતો પુરવાર કરી શકેલ નથી. જેથી ફરીયાદપક્ષ આરોપી વિરૂધ્ધનો કેસ નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી.

**(૨૨)** હાલના કેસમાં ઉપરોકત ચર્ચા કરી તે મુજબ મહત્વના સાહેદો ફરીયાદપક્ષના કેસને સુસંગત પુરાવો આપેલ નથી તેમજ સંજોગો આધારીત પુરાવો ધ્યાનમાં લેતા પણ ફરીયાદપક્ષના કેસને મદદકર્તા નથી અને તેથી માત્ર ગંભીર પ્રકારનો ગુન્હો છે તેટલા કારણોસર જ અદાલત આરોપીને દોષિત માની શકાય નહીં તે સંજોગોમાં આ કામના આરોપીએ ફરીયાદીની દીકરીને લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઈરાદે ફરિયાદીના કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરી લઈ જઈ ભોગબનનારની મરજી વિરૂધ્ધ શારીરીક સંભોગ કરી ઈ.પી.કોડની કલમ–૩૬૩, ૩૬૬, ૩૬૭ મુજબનો કોઈ ગુન્હો આચરેલ હોવાનું નિ:શંકપણે પુરવાર થતુ ન હોય, તેથી ફરીયાદપક્ષ હાલના આરોપી વિરૂધ્ધનું તહોમત નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોય, જેથી ફરીયાદપક્ષે વિધ્વાન એ.પી.પી.શ્રી ધ્વારા કરવામાં આવેલ દલીલો ગ્રાહ્ય રાખવા પાત્ર ન હોય, હાલના આરોપીને તેઓની વિરૂધ્ધના ગુન્હા સાથે સાંકળી શકાય તેમ નથી તેમ ઠરાવી ઉપરોકત ઉપસ્થિત મુદા નં.૧ નો નિર્ણય નકારમાં ઠરાવુ છું.

**(૨૩)** ઉપરોકત વિગતવાર ચર્ચા કર્યા મુજબ ફરીયાદપક્ષ હાલના આરોપી વિરૂધ્ધનું તહોમત નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોય, મુદા નં.૨ અન્વયે નીચે મુજબ આખરી હુકમ ફરમાવુ છું.

(૧) આ કામના આરોપી **અશોકકુમાર બલસિંહ બારીયા,** રહે. કદવાલ, ચાકરીયા ફળીયુ, તા. જેતપુર પાવી,જી. છોટાઉદેપુરનાઓને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૩૫(૧) અન્વયે (મહેમદાવાદ પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુન્હા રજીસ્ટર નં.૧૯/૨૦૦૨) તેઓની સામેના ઈ.પી.કોડની કલમ–૩૬૩, ૩૬૬, ૩૬૭ મુજબના શિક્ષાને પાત્ર ગુન્હાઓમાંથી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામના અકિંમતી મુદ્દામાલનો અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

Dt.19/05/2026

(૩) ક્રિ.પ્રો.કોડની કલમ–૪૩૭(એ) અન્વયે આરોપીએ રૂા.૧૦,૦૦૦/– (અંકે રૂપિયા દસ હજાર પુરાના) જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા અપીલ કોર્ટમાં હાજર રહેવા માટે આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૪) આ કામના આરોપી જયુડી. કસ્ટડીમાં હોય અન્ય ગુનાના કામે જરૂર ન હોય તો તેઓને આ ગુનાના કામેથી તુરંત જેલ મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે. આ હુકમની જાણ સંબંધિત જેલરશ્રીને યાદીથી કરવી.

હુકમ આજરોજ તારીખ **૧૯મી માહે મે સને ૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

| | |
|---|---|
| તા. ૧૯/૦૫/૨૦૨૬<br>સ્થળ : નડીઆદ. | **(પ્રકાશકુમાર પી. પુરોહિત)**<br>સ્પેશ્યલ જજ (પોકસો) અને<br>બીજા એડીશ્નલ સેશન્સ જજ, નડીઆદ.<br>કોડ નં. જી.જે. ૦૦૬૮૫ |

COURT OF SESSIONS
સત્ય મેવ જયતે
KAIRA AT NADIAD